દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
ગુરુવાર ૪ સપ્ટેમ્બર, ૨૦૨૫

જીએસટીના દરોમાં ફેરફાર ભલે થાય પણ તેના માટે વ્યાપક અભ્યાસ જરૂરી છે

ભારતમાં જીએસટીએ સરકારને બખ્ખાં કરાવી દીધા છે. દર મહિને જીએસટી થકી સરકારને દોઢથી બે લાખ કરોડની આવક થાય છે. જીએસટીએ સરકારની તિજોરી તરબતર કરી નાખી છે પરંતુ આ જીએસટીએ દેશમાં ઉદ્યોગ-ધંધાને હેરાન કરી દીધા છે. જીએસટીમાં ચાર-ચાર સ્લેબને કારણે લાખો વેપારીઓ એવા છે કે જેમને વધુ જીએસટી ભરવાનો આવે છે અને તે પરત પણ મળતો નથી. જીએસટીની ક્રેડિટ પરત લેવા માટે અનેક મથામણ કરવી પડે છે. ચાર-ચાર સ્લેબને કારણે વેપાર કરવામાં અનેક મુશ્કેલીઓ પડી રહી છે અને અનેક વસ્તુઓ એવી છે કે જેના પર જીએસટીનો દર ઓછો હોવો જોઈએ તેને બદલે વધુ દર છે. 28 ટકા જેટલો જીએસટીનો સ્લેબ દરેક માટે કમરતોડ છે. જીએસટીના આટલા મોટા સ્લેબ સામે વેપારી સંગઠનો દ્વારા અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે અને હવે સરકારને જ્ઞાન લાધ્યું છે કે જીએસટીમાં ચાર સ્લેબને બદલે બે સ્લેબ કરવાની જરૂરીયાત છે. બુધવારથી જીએસટી કાઉન્સિલની બેઠક શરૂ થઈ રહી છે.

જીએસટીમાં હાલમાં 5%, 12%, 18% અને 28%ના સ્લેબ છે. ફેરફાર પછી માત્ર 5 અને 18 ટકાના જ સ્લેબ રહેશે. જ્યારે 12 અને 28 ટકાના જીએસટીના સ્લેબને હટાવી દેવામાં આવશે. એવું માનવામાં આવી રહ્યું છે કે આ નવા ફેરફારો પછી, દૂધ-ચીઝથી લઈને ટીવી-એસી અને કાર-બાઈક સુધીની રોજિંદા જીવનજરુરી વસ્તુઓના ભાવમાં ઘટાડો થશે. બે સ્લેબ દ્વારા કેન્દ્ર સરકાર જીએસટીના માળખાને સરળ બનાવવાનો પ્રયાસ કરશે. બની શકે છે કે લક્ઝરી વસ્તુઓને 40 ટકાના દાયરામાં પણ મુકવામાં આવે. નવા ફેરફારો આગામી તા.22મી સપ્ટેમ્બર એટલે કે નવરાત્રિની શરૂઆતથી અમલમાં આવશે. સરકાર એવું માની રહી છે કે નવરાત્રિની શરૂઆત સાથે દેશમાં તહેવારોની મોસમ ચાલવાની હોવાથી જીએસટીના નવા દરને કારણે લોકોની ખરીદશક્તિ વધશે અને સાથે સાથે વેચાણમાં વધારો જોવા મળશે. હાલમાં અનેક ક્ષેત્રો એવા છે કે જેમાં વેચાણની પ્રક્રિયા ધીમી છે. જેને કારણે સરકાર ચિંતિત છે. સાથે સાથે રાજ્યોના મહેસૂલને પણ નુકસાન થઈ રહ્યું હોવાથી તેમાં પણ સુધારો લાવવાની જરૂરીયાત છે.

ગયા અઠવાડિયે જ મંત્રીઓના સમુહે કેન્દ્ર સરકારને બે સ્લેબના પ્રસ્તાવને સ્વીકાર્યો હતો. નવા દરો લાગુ પડતા અનેક ચીજ-વસ્તુઓના ભાવો ગટવાની સંભાવના છે પરંતુ જેમાં ડ્રાયફ્રૂટ્સ, બ્રાન્ડેડ નમકીન, ટૂથ પાવડર, ટૂથપેસ્ટ, સાબુ, હેર ઓઇલ, સામાન્ય એન્ટિબાયોટિક્સ, પેઇનકિલર દવાઓ, પ્રોસેસ્ડ ફૂડ, નાસ્તો, ફ્રોઝન શાકભાજી, કન્ડેન્સ્ડ મિલ્ક, કેટલાક મોબાઇલ, કેટલાક કમ્પ્યુટર, સિલાઈ મશીન, પ્રેશર કૂકર, ગીઝર જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. જ્યારે નોન-ઇલેક્ટ્રિક વોટર ફિલ્ટર્સ, ઇલેક્ટ્રિક ઇસ્ત્રી, વેક્યુમ ક્લીનર્સ, 1,000 રૂપિયાથી વધુ કિંમતના તૈયાર કપડાં, 500-1,000 રૂપિયાની રેન્જમાં શુઝ, મોટાભાગની વેક્સિન, HIV/TB ડાયગ્નોસ્ટિક કીટ, સાયકલ અને વાસણો પર પણ ટેક્સ ઘટશે. આ ઉપરાંત જ્યોમેટ્રી બોક્સ, નકશા, ગ્લોબ્સ, ગ્લેઝ્ડ ટાઇલ્સ, પ્રિ-ફેબ્રિકેટેડ બિલ્ડિંગ, વેન્ડિંગ મશીનો, પબ્લિક ટ્રાન્સપોર્ટ વાહનો, કૃષિ મશીનરી, સોલાર વોટર હીટર જેવા ઉત્પાદનોને હાલના 12 ટકાને બદલે 5 ટકાના સ્લેબમાં લઈ જવામાં આવશે. જ્યારે સિમેન્ટ, બ્યુટી પ્રોડક્ટ્સ, ચોકલેટ, રેડી-મિક્સ કોંક્રિટ, ટીવી, રેફ્રિજરેટર, વોશિંગ મશીન, એસી, ડીશવોશર, પ્રાઇવેટ પ્લેન, પ્રોટીન કોન્સન્ટ્રેટ, સુગર સીરપ, કોફી કોન્સન્ટ્રેટ, પ્લાસ્ટિક પ્રોડક્ટ્સ, રબર ટાયર, એલ્યુમિનિયમ ફોઇલ, ટેમ્પર્ડ ગ્લાસ, પ્રિન્ટર, રેઝર, મેનીક્યુર કીટ, ડેન્ટલ ફ્લોસ પર 28ને બદલે 16 ટકાનો સ્લેબ લાગુ પાડવામાં આવશે. ખરેખર સરકારે પહેલા જીએસટીના મામલે ગહન સંશોધન કરવાની જરૂરીયાત છે અને કઈ વસ્તુ પર કેટલો જીએસટી લગાડવાથી તેની શું અસર થશે તેનો અભ્યાસ કરીને જ નિર્ણય લેવો જોઈએ કે જેથી જીએસટીના દરોમાં ફેરફારનો લાભ સીધો લોકોને મળી શકે. જો તેમ થશે તો જ તેનો અર્થ સરશે તે નક્કી છે.

જ્યાં ચાહ ત્યાં રાહ

એક રસ્તા પર રહેતો ગરીબ છોકરો અજય તેને ચિત્રકળાનો ખૂબ શોખ હતો. સ્કૂલમાંથી ઘરે આવીને તે કાગળ, પેન્સિલ લઈને ચિત્રો દોરતો. ક્યારેક દીવાલ પર, ક્યારેક જૂના સમાચારપત્ર પર, જૂના કાગળની કોથળી પર જે હાથમાં આવે તેની પર તે ચિત્રો દોરતો રહેતો. અજયના ઘરની આર્થિક પરિસ્થિતિ બહુ સારી નહોતી. પિતા મજૂરી કરતા અને માતા ઘરકામ. ઘરમાં બે ટંક ભોજન માંડ મળતું; આવી સ્થિતિમાં ચિત્રકામ માટે રંગો, પીંછીઓ, સારા કાગળ ખરીદવાનું તો દૂરની વાત હતી. એકવાર સ્કૂલમાં ચિત્રકામની સ્પર્ધા જાહેર થઈ. અજયએ ભાગ લેવા મન બનાવી લીધું અને નામ પણ લખાવ્યું પણ તેની પાસે રંગો નહોતા. મિત્રોએ મજાક ઉડાવી: "અરે તને ચિત્રકામ ગમે છે, પણ રંગો ક્યાંથી લાવીશ?" અજય થોડો નિરાશ થયો, છતાં મન હાર્યું નહીં. તેણે વિચાર્યું -"ચોક્કસ કોઈ રસ્તો મળશે.' તેણે બહુ વિચાર કર્યો ઉદાસ મને ઘરે ગયો મમ્મીને વાત કરી. મમ્મીએ કહ્યું, 'દીકરા રંગ લેવાનાં પૈસા તો નથી પણ કૈંક રસ્તો કાઢીશું.' અજય ક્યરાપેટીમાંથી જૂની પેન, તૂટી ગયેલી પેન્સિલ, જૂની રંગની બોટલ અને ઢાંકણાં એકઠાં કરી આવ્યો. મમ્મીએ પાંદડાં પીસીને લીલો રંગ હળદરથી પીળો, કાજળથી કાળો અને બીટના રસથી લાલ રંગ તૈયાર કરી આપ્યા અને કહ્યું, 'લે દીકરા હમણાં આ રંગોથી ચિત્રકામ કર, હું મંદિર જાઉં છું ત્યાં થોડા ફૂલો મળશે તો તેમાંથી બીજા રંગ બનાવી આપીશ.' અજય ઘરના રંગોથી ચિત્ર દોરવા લાગ્યો. સ્પર્ધાના દિવસે બધા બાળકો રંગીન પેન્સિલ અને વોટર કલર સાથે આવ્યા. અજયએ પોતાના ઘરેલું રંગો લઈને ચિત્ર બનાવવાનું શરૂ કર્યું. તેણે એક દૃશ્ય દોર્યું - ખેડૂત, જમીન અને ઉગતી સૂર્યકિરણો. તેના ચિત્રમાં એક અલગ જ જીવંતતા હતી. કુદરતી રંગોની ખુશ્બુ ચિત્રમાંથી જ અનુભવાતી હતી. જજોએ જ્યારે પરિણામ જાહેર કર્યું ત્યારે સૌને આશ્ચર્ય થયું. પ્રથમ ઇનામ અજયને મળ્યું. જે બધા બાળકોએ તેની મજાક ઉડાવી હતી, તેઓ હવે તેને અભિનંદન આપતા હતા. પ્રિન્સિપાલે કહ્યું, "બેટા, તારા રંગો ઘરે બનાવેલા હતાં પણ તારો જુસ્સો અમૂલ્ય અને કળા અવર્ણનીય છે. તે આજે સાબિત કર્યું છે કે સાચી સફળતા પૈસાથી નહીં, પરંતુ હઠ અને મહેનતથી મળે છે. જ્યાં ચાહ હોય છે ત્યાં રાહ મળે જ છે." આ ઘટના પછી અજયનો આત્મવિશ્વાસ વધ્યો. તેણે ચિત્રકળાને જ જીવનનું ધ્યેય બનાવ્યું. વર્ષો બાદ તે પ્રસિદ્ધ ચિત્રકાર બન્યો અને પોતાના ગામમાં બાળકોને મફતમાં ચિત્રકળા શીખવતો રહ્યો. જીવનમાં પરિસ્થિતિ ભલે કઠિન હોય, સંસાધનો ઓછા હોય, પરંતુ જો મનમાં ચાહ, મહેનત અને હઠ હોય તો સફળતા ચોક્કસ મળે છે.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

આત્મઘાતનો નિશ્ચિત માર્ગ એટલે હિમાલય ક્ષેત્રમાં વિકાસ

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

'અમે પેઢીઓથી આ નદીની સાથે રહેતા આવ્યા છીએ પણ હવે એ અમારી નદી રહી નથી. એ સાવ અજાણી બની ગઈ છે.' આ ઉદ્ગાર ઉત્તરાખંડના ધરાલી ગામે ખીરગંગા નદીએ જે તબાહી કરી એ વિસ્તારના એક દુકાનદારના છે. સાવ સીધાસાદા જણાતા આ કથનની ગંભીરતાને સમજવા જેવી છે. પહાડી વિસ્તારોમાં લોકો કુદરતની સાથે જીવતા હોય છે, એમ વિવિધ કુદરતી પ્રતિકૂળતાઓ સાથે અનુકૂલન પણ સાધી લેતા હોય છે. પણ હવે જે પ્રતિકુળતાઓ કુદરત આદરી રહી છે તેની પાછળ માનવસર્જિત પરિબળો જવાબદાર છે. હકીકતમાં ધરાલીની દુર્ઘટના થઈ એના માંડ એકાદ મહિના અગાઉ હિમાચલ પ્રદેશના સિરાજમાં જાણે કે આનું રિહર્સલ થયેલું. વરસાદને પગલે પૂર આવ્યું. ઝરણાં ધસમસતાં બન્યાં. મકાનો ધસી પડવા લાગ્યાં અને પુલ જાણે કે રમકડાંનાં બનેલાં હોય બટકવા લાગ્યા. જોતજોતાંમાં બાખલી-નાલ અને થુનાગ વચ્ચેનો આખો વિસ્તાર સંપર્ક વિહોણો થઈ ગયો. મદદ માટે કોઈ ત્યાં નહોતું પહોંચી શક્યું. એ વિસ્તારની એક પ્રૌઢાએ કહ્યું, 'અમે ઘણાં તોફાન જોયાં છે. પર્વતો એની સામે અડીખમ રહેતા પણ આ વખતે એ પડી ભાંગ્યા.' કહેવાનો સાર એટલો કે પ્રાકૃતિક કોપની નવાઈ નથી, પણ એની સામે ઝીંક ઝીલવાની પ્રકૃતિની ક્ષમતા સતત ઘટી રહી છે.

હિમાલયમાં ઠેરઠેર વિકાસ યોજનાઓ થઈ રહી છે. એક અભ્યાસ અનુસાર અગાઉની એટલે કે આ વિસ્તારના વર્તમાન ઔદ્યોગિક વિકાસની સરખામણીએ હિમાલયના વિસ્તારનું તાપમાન 1.8 અંશ સેલ્સિયસ જેટલું વધારે છે, જે ઘણું કહેવાય. શેને કારણે આ સ્થિતિ આવી? આનો સીધો જવાબ છે અહીં આવેલી બહુરાષ્ટ્રીય કંપનીઓને કારણે. આ વિસ્તારનો અભ્યાસ સૂચવે છે કે છેલ્લા ત્રણથી ચાર દાયકા દરમિયાન આ વિસ્તારમાં આવેલી ચાલીસ બહુરાષ્ટ્રીય કંપનીઓ આ વિસ્તારમાં કરાતા ચાલીસ ટકાથી વધુ કાર્બન ઉત્સર્જન માટે જવાબદાર છે. આવી કંપનીઓમાં તેલ અને વાયુ કંપનીઓ, કોલસાની કંપનીઓ તેમજ કૃષિ સાથે સંકળાયેલી કંપનીઓનો સમાવેશ થાય છે. આ કંપનીઓ તગડો નફો રળે છે, પણ તેની વિપરીત અસરોનો ભોગ બનવાનું સ્થાનિકોના ભાગે આવે છે. આવી કેટલીક કંપનીઓનાં નામ છેઃ સાઉદી અરામ્કો, એક્ઝોનમોબીલ, શેવરોન, ગઝપ્રોમ, નેશનલ ઈરાનીયન ઓઈલ કંપની, કોલ ઈન્ડિયા વગેરે. સવાલ એ છે કે શું આ બધું રાતોરાત થયું? અજાણતાં થયું? અણધાર્યું થયું?

શહેરી અભ્યાસ અને સંચાલન ક્ષેત્રે નિષ્ણાત ગણાતા, શિમલા શહેરના નાયબ મેયરપદે રહી ચૂકેલા ટિકેન્દરસિંહ પંવારે આખો ઘટનાક્રમ સમજાવ્યો છે. તેમના જણાવ્યા અનુસાર 1990ના દાયકામાં કેન્દ્રીય સરકારે આ સમગ્ર વિસ્તારના આર્થિક માળખાને નવેસરથી ગૂંથવાનો આરંભ કર્યો. લોન, પ્રોત્સાહક અભિગમ અને નીતિઓમાં કરાયેલું પરિવર્તન, આ તમામ બાબતો જળવિદ્યુત, પ્રવાસન તેમજ રીઅલ એસ્ટેટના ક્ષેત્રને વેગ મળે એ રીતે તૈયાર કરાતાં ગયાં. નાણાંભીડ અનુભવતાં રાજ્યો આવકમાં વૃદ્ધિ માટે આતુર હતાં. તેમણે ઝાઝું વિચાર્યા વિના આનો સ્વીકાર કરી લીધો. સ્થાનિકોને કહેવામાં આવ્યું કે આ 'વિકાસ' છે, વાસ્તવમાં એ વિનાશનો માર્ગ બની રહ્યો હતો. પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં ઘટાડો, પર્યાવરણની મંજૂરીઓમાં તોડમરોડ તેમજ પરંપરાગત રીતે પ્રચલિત જમીનના ઉપયોગની પદ્ધતિઓને કોરાણે મૂકીને કેવળ આવક પર ધ્યાન કેન્દ્રિત કરાયું.

એક વાર આ માર્ગની પસંદગી થઈ અને તેના પરની સફર આરંભાઈ એ પછી હિમાલયનાં રાજ્યો માટે પાછા ફરવાનો અવકાશ રહ્યો નહીં. વિકાસના કેન્દ્રીય મોડેલમાં સ્થિરતાને બદલે ઝડપ, અન્ય જરૂરિયાતને બદલે કેવળ બાંધકામને પ્રાધાન્ય અપાતું ગયું. મોટા ભાગના માટે પસંદગી કેવળ બે નઠારા વિકલ્પો વચ્ચે જ હતીઃ વિકાસની દોડમાં જોડાઈ જવું કે પછી નાણાંના ધસમસતા પ્રવાહથી વંચિત રહેવું. ઉત્તરાખંડમાંનો ચાર ધામ રાષ્ટ્રીય ધોરીમાર્ગનો પ્રકલ્પ જોઈએ તો ખ્યાલ આવશે કે નવસો કિ.મી. ના પ્રકલ્પને સમગ્ર દૃષ્ટિએ જોવાને બદલે તેને નાના નાના ટુકડામાં વિભાજીત કરી દેવામાં આવ્યો. ઢાળ અતિશય ઊતારવાળા બન્યા,

ભંગારને પાણીના વહેળાઓમાં ઠાલવવામાં આવ્યો, નિકાલની વ્યવસ્થાને નજરઅંદાજ કરવામાં આવી. આને કારણે ભૂસ્ખલનની ઘટનાઓમાં વધારો થયો. પણ આ કંઈ અણધાર્યું નહોતું. એનો કાર્યકારણનો સંબંધ સમજવો સરળ છે. મંત્ર એક જ હતોઃ બસ, ઊતાવળે કામ પતાવો, અને લોકોની ધાર્મિક લાગણીને પંપાળો. પર્યાવરણનું અને સ્થાનિક લોકોનું જે થવું હોય એ થાય. હિમાચલ પ્રદેશમાં પણ ઠેરઠેર આ જ કથા છે. શહેરી આયોજનના નિષ્ણાતો પોતાના આયોજનમાં જવલ્લે જ પર્યાવરણ કે હવામાનના ખતરાઓને ધ્યાને લે છે. જે તે વિસ્તારની વહન ક્ષમતાનો અભ્યાસ કાં થતો નથી, કાં અવગણાય છે. ગેરકાયદે બાંધકામ અમુક દંડ કે લાંચ થકી કદાચ કાનૂની બની શકે, પણ પર્યાવરણ માટે એ જોખમી મટી જતું નથી. ટિકેન્દરસિંહે એ પણ જણાવ્યું છે કે હિમાલયના વિસ્તારોમાં સ્થાનિક લોકોની આગવી પદ્ધતિ હતી. ગ્રામજનો નદીના પટને ચોખ્ખો રાખતા, કેમ કે, તેઓ જાણતા કે નદીનો કાંપ અને તેનો પ્રવાહ છલકાશે તો એને જગ્યા જોઈશે. મકાનો ઢોળાવ પર રહેતા, નહીં કે તીવ્રતમ ઊતાર પર. પગથિયાં બનાવીને કરાતી ખેતી પાણીની ગતિને મંદ કરતી. આવી તો અનેક પદ્ધતિઓ પ્રચલિત હતી. સિરાજમાં વસાહતો એ રીતે બનાવાતી કે ભૂસ્ખલનથી તેને ઓછામાં ઓછું નુકસાન થાય. હવે આખો મામલો 'પ્રોપર્ટી' અને 'રીઅલ એસ્ટેટ'નો બની ગયો છે. ખાલી જગ્યાનું મહત્ત્વ પર્યાવરણની દૃષ્ટિએ નહીં, નાણાંના તોલે તોળાય છે. સડક બનાવવા માટે વધુ પડતો ઢાળ રાખવો, પાર્કિંગ સ્થળ બનાવવા માટે નદીના મેદાન પર કોન્ક્રિટ કરવું, કોઈ પ્રકલ્પ માટે થઈને વનવિસ્તાર ઘટાડતા જવો- આ બધું નૈસર્ગિક સુરક્ષાને ઘટાડે છે. બાકી રહે એ વાદળ ફાટવાનો કે વાવાઝોડા જેવો કુદરતી પ્રકોપ પૂરું કરે છે. આ વિસ્તારનો વિકાસ જોઈને આપણે હજી હરખાઈ રહ્યા છીએ અને એનું ગૌરવ અનુભવી રહ્યા છીએ એનો અર્થ એટલો કે 'મહામૂર્ખ'ની વ્યાખ્યા શોધવા માટે શબ્દકોશને ફંફોસવાની જરૂર નથી.

શહેરી આયોજનમાં જવલ્લે જ પર્યાવરણ કે હવામાનના ખતરાઓને ધ્યાને લે છે. જે તે વિસ્તારની વહન ક્ષમતાનો અભ્યાસ કાં થતો નથી, કાં અવગણાય છે. ગેરકાયદે બાંધકામ અમુક દંડ કે લાંચ થકી કદાચ કાનૂની બની શકે પણ પર્યાવરણ માટે એ જોખમી મટી જતું નથી

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આપણે 'વિશ્વ આદિવાસી દિવસ' તો ઉજવીએ છીએ પણ આદિવાસી જનસંખ્યાને એના પૂરા અધિકારો મળ્યા છે ખરા?

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

દર વર્ષે યુનાઈટેડનેશન્સ દ્વારા નિયત કર્યા મુજબ ૯ ઑગસ્ટના દિવસે 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઊજવણી કરવામાં આવે છે. ઉપલબ્ધ માહિતી મુજબ વિશ્વભરમાં ૯૦થી વધુ દેશોમાં લગભગ ૪૦ કરોડ જેટલા આદિવાસી લોકો વસે છે, જે વિશ્વની કુલ વસતીના લગભગ પાંચ ટકા છે અને ૭,૦૦૦થી વધુ ભાષાઓ બોલે છે. આદિવાસી સમુદાયો પૃથ્વીના ૮૦ ટકા જૈવવિવિધતા સાથે જોડાયેલા છે, જે પર્યાવરણ સંરક્ષણમાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા દર્શાવે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા જેની રચના કરવામાં આવી હતી તે 'વર્કિંગ ગ્રુપ ઑનઈન્ડી જિનિયસ પોપ્યુલેશન'ની પ્રથમ બેઠક ૯ ઑગસ્ટ, ૧૯૮૨ના રોજ મળી હતી. આ બેઠકમાં આદિવાસી અધિકારોનું ઘોષણાપત્ર તૈયાર કરવામાં આવ્યું હતું, જેને સ્વીકૃતિ મળતાં ૨૫ વર્ષના વહાણા વાઈ ગયા. ચાલુ વર્ષે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા 'વિશ્વ આદિવાસી દિવસ' માટેની થીમ 'આદિવાસી સમુદાય અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સઃ અધિકારોનું રક્ષણ અને ભવિષ્યની કલ્પના' રાખવામાં આવી છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વધતો જતો પ્રભાવ અને જીવનના દરેક ક્ષેત્રમાં એનો ઝડપથી થયેલો પગપેસારો જોતાં આ એક ઉત્તમ કેન્દ્રવર્તી વિચાર છે, જેની આજુબાજુ આદિવાસી સંસ્કૃતિ અને તેનું પુનરુત્થાન, યુવા સશક્તિકરણ તેમજ હવામાન અને પર્યાવરણ વગેરે બાબતોને ધ્યાને લઈ કયા પ્રકારની તકો અને પડકારોનો આ સમુદાયે સામનો કરવાનો રહેશે તે દિશામાં એક રોડમેપ તૈયાર કરવાનો પ્રયત્ન કરાશે અને ભવિષ્યમાં એનું અન્ય ટેક્નોલૉજી સાથે સંયોજન કરી આદિવાસી જન સમુદાય માટે ક્ષિતિજે ઉભરી રહેલી તકોનું આલેખન કરાશે જેમાં યુવાશક્તિ રોજગારીની તકો તેમ જ જે પર્યાવરણ અને આબોહવામાં આદિવાસી સંસ્કૃતિ વિકસી છે તેને કઈ રીતે જાળવી રાખવું વગેરે બાબતે વિશ્વભરમાં અભ્યાસ થશે. ઉપરાંત આગળ જતાં એક સર્વસ્વીકૃત ચાર્ટર પણ નક્કી થાય તેમ બની શકે. ઑસ્ટ્રેલિયા જેવા દેશમાં ત્યાંના મૂળ નિવાસી (Aboriginal) મૂળ નિવાસીને મારી નાખવાનો ગુનો છેક બ્રિટિશ હકૂમત દ્વારા ૧૭૮૮થી લાગુ કરવામાં આવ્યો હતો પણ એનો ભાગ્યે જ અમલ થતો. ૧૮૩૮માં 'માય ઑલક્રિક' ખટલો ચાલ્યો તેણે આ મુદ્દા પર પ્રકાશ ફેંક્યો. આમ છતાં ય ૨૦મી સદીમાં લોહિયાળ લડાઈઓ થતી રહી અને છેક હમણાં કાયદાકીય રીતે કોઈ પણ મૂળ નિવાસીને મારી નાખવો તેને સદોષ માનવવધનો ગુનો માનવામાં આવ્યો છે.

અમેરિકાની વાત કરીએ તો એ ખંડ શોધાયો તે પહેલાં ત્યાં પચાસ લાખથી દોઢ કરોડ જેટલા લોકો વસતા હતા. યુરોપિયનો ત્યાં ૧૪૯૨થી પ્રવૃત્ત બન્યા. આ ગોરી પ્રજા અમેરિકામાં આવી તેની સાથે એમણે ત્યાંના મૂળ નિવાસીઓની એવી તો કત્લેઆમ કરી કે ૧૯૦૦ સુધીમાં માત્ર ત્રણ લાખ જેટલી જ વસતી મૂળ નિવાસીઓની રહી. આનો અર્થ એવો થાય કે એમની વસતીમાં ૯૫થી ૯૮ ટકા ઘટાડો થયો. આમાંથી ૧૬૧૬થી ૧૬૧૯ વચ્ચે દરિયાકાંઠે વસતી અને ન્યૂઈંગ્લેન્ડ જાતિઓ તરીકે ઓળખાતી વસતીનો ૯૦ ટકા સફાયો થઈ ગયો.

આ લોકોને મારી નાખવા માટે જુદા જુદા દેશના સંસ્થાનવાદીઓએ સીધા હુમલાઓ ઉપરાંત શીતળાનો ચેપ ધરાવતા ધાબળા વહેંચવા, ભૂખમરીથી મારી નાખવા, ફરજિયાત ખસીકરણ, જમીનો પડાવી લેવી જેવા અનેક કારણોસર અમેરિકામાં મૂળ નિવાસીઓની હત્યા થતી રહી. આ અમેરિકા એ સંસ્કૃતિ જેણે હીરોશીમા, નાગાસાકી પર અણુબૉમ્બ ફેંક્યો. વિયેતનામ અને ઈરાક જેવા યુદ્ધોમાં આધુનિકતમ શસ્ત્રો વડે બેફામ નરસંહાર કર્યો અને આજે એના જ ઓઠા હેઠળ ઈઝરાયલ ગાઝામાં ક્રૂરતાની પરાકાષ્ઠા કહી શકાય તે રીતનો નરસંહાર કરી રહ્યું છે.

પાકિસ્તાનને પણ પોતાની પાંખમાં લઈ અમેરિકા એનો ઉપયોગ ભારત કે અન્ય દેશો સામે કરવા માગે છે તે ઉપરાંત દુનિયાભરમાં જે નાના-મોટા યુદ્ધો ચાલ્યા કરે છે ત્યાં પણ શસ્ત્રો પૂરા પાડવાનું કામ અમેરિકા કરે છે. આ સંસ્કૃતિને સભ્ય કહેવી કે રાક્ષસી તે તમારા પર છોડું છું. છેક ૧૯મી સદીના અંત અને ૨૦મી સદીના પ્રારંભ સુધી જગતભરમાં આદિવાસી પ્રજાનો સંહાર થતો રહ્યો. આજે આદિવાસી સમાજની મુખ્ય સમસ્યાઓ જોઈએ તોઃ (૧) જમીન અધિકારોઃ આદિવાસીઓને તેમની પરંપરાગત જમીનો પરથી વિસ્થાપિત કરવામાં આવે છે. (૨) શિક્ષણ અને રોજગારનો અભાવઃ ગરીબી અને શિક્ષણની ઓછી સુવિધાઓના કારણે તેમનો વિકાસ અવરોધાય છે. (૩) સાંસ્કૃતિક લોપઃ આધુનિકતા અને ગ્લોબલાઈઝેશનના દબાણથી તેમની ભાષાઓ અને પરંપરાઓ ખોવાઈ રહી છે. (૪) શોષણ અને ભેદભાવઃ ઘણા આદિવાસી સમુદાયોને સામાજિક અને આર્થિક ભેદભાવનો સામનો કરવો પડે છે. ટૂંકમાં, વિશ્વ આદિવાસી દિવસ એ આપણા સમાજના મૂળ નિવાસીઓના યોગદાન અને સંઘર્ષોને ઓળખવાની તક છે. તેમના અધિકારોનું રક્ષણ, સાંસ્કૃતિક વિરાસતનું સંરક્ષણ અને સમાજ વિકાસની ખાતરી કરવી એ સરકારની અને સમાજની જવાબદારી છે, પણ આવું થાય છે ખરું?

ગુજરાત દેશનું મૉડેલ રાજ્ય ગણાય છે. ગુજરાતમાં પણ સરકાર યંત્રવત વિશ્વ આદિવાસી દિવસની ઊજવણી કરે છે ત્યારે ગુજરાતમાં આજે આદિવાસી જનતા મૂળભૂત આંતર માળખાકીય સવલતો અને તેમને માટે જાહેર કરાયેલ સરકારી લાભથી વંચિત રહે છે. સસ્તું કે મફત અનાજ હોય, મનરેગા હોય કે પછી આંગણવાડી, તંત્ર અને એના મળતિયાઓ ભયંકર ભ્રષ્ટાચાર આદરી આ ગરીબ પ્રજાના મોંમાથી કોળિયો ખાઈ જાય છે.

એક માહિતી પ્રમાણે ગુજરાતમાં ૩.૨૧ લાખ આદિવાસી બાળકો કુપોષિત છે, જ્યારે ૩૬૧ શાળાઓ માત્ર એક જ શિક્ષકથી ચાલે છે. ૨૦૦૦થી વધુ આંગણવાડી ભાડાના મકાનમાં બેસે છે. રાજ્યની સરેરાશ કરતાં આદિવાસી વિસ્તારોમાં કુપોષણ તેમજ તબીબી સારવારના અભાવે બાળ મૃત્યુદર ઊંચો છે. મનરેગામાં ઓછામાં ઓછી ૧૦૦ દિવસ રોજગારી મળવી જોઈએ, જે અડધી પણ મળતી નથી. સ્વરોજગારી આ વર્ગમાં મજદૂરીથી આગળ ભાગ્યે જ જોવા મળે છે. એક ફરિયાદ એવી પણ છે કે, સ્ટેચ્યુ ઑફ યુનિટી માટે જે આદિવાસી ખાતેદારોની જમીન લઈ લેવામાં આવી તેમના જ લારી-ગલ્લા હટાવી તેમને બેરોજગાર બનાવી દેવામાં આવ્યા છે. એક સમાચાર તો એવા છે કે, આ વિસ્તારમાં પ્રાથમિક શાળાઓમાં ૯,૦૦૦થી વધુ ખંડની ઘટ છે અને કેટલીક જગ્યાએ તો એક જ ખંડમાં બધા જ ધોરણના વિદ્યાર્થીઓ બેસે છે. આને કારણે એવી પણ ઘટનાઓ સપાટી પર આવે છે કે જ્યાં સ્કૂલ હોય, શિક્ષક પણ હોય પણ બાળકો શાળાએ આવતા બંધ થઈ ગયા હોય. ગુજરાતમાં એવા ઘણા અંતરિયાળ વિસ્તારો છે, જ્યાં રસ્તાને અભાવે ગરીબ દર્દીને ઝોળીમાં નાખીને દવાખાને લઈ જવાય છે. એક બાજુ આપણે આઝાદ થયા તેનો અમૃત મહોત્સવ ઊજવતા હોઈએ અને બીજી બાજુ ગુજરાત જેવા કહેવાતા 'મૉડેલ સ્ટેટ'માં પણ આદિવાસીઓના અનેક પ્રશ્નો પડતર હોય ત્યારે સરકારને સીધો પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે આપણે વિશ્વ આદિવાસી દિવસની ઊજવણી નિમિત્તે જે દેખાડો કરીએ છીએ તેને માટે લાયક છીએ ખરા?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

આજે હિંદના દાદાને યાદ કરીએ

આપણા દેશમાં અનેક મહાન લોકો થઈ ગયા કે જેમનાં જીવનમાંથી આપણે પ્રેરણા લઈએ છીએ. એવી જ એક મહાન વિભૂતિ એટલે દાદાભાઈ નવરોજી. એમનો જન્મ ચોથી સપ્ટેમ્બર ૧૮૨૫ના રોજ થયો હતો. એટલે કે આ વર્ષે એમનાં જન્મને બસો વર્ષ થઈ રહ્યાં છે. જે ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે. દાદાભાઈ નવરોજી એક ઉત્તમ રાજનીતિજ્ઞ અને સમાજ સુધારક હતા. એમણે કરેલા પ્રદાનને લીધે એમને 'હિંદના દાદા'નું બિરુદ મળ્યું છે. એલ્ફિન્સ્ટન કોલેજ ખાતે પ્રોફેસર બનનારા તેઓ પ્રથમ ભારતીય હતા. એવી જ રીતે બ્રિટિશ પાર્લામેન્ટમાં પ્રવેશ મેળવનાર તેઓ પ્રથમ ભારતીય હતા. એમણે લખેલા પુસ્તકો ખૂબ પ્રસિદ્ધ થયાં હતાં.એમાં પણ 'પોવર્ટી એન્ડ બ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા' મુખ્ય છે. એમની ડ્રેઈન થિયરી પણ ખૂબ જાણીતી છે. આજે નવી પેઢીના આદર્શો બદલાય રહ્યાં હોવાનું પ્રતિત થાય છે ત્યારે આપણી નવી પેઢી, આપણા મહાન દેશભક્ત દાદાભાઈ નવરોજી અને અને એમના પ્રદાનને યાદ કરે એ જરૂરી છે. નવસારીમાં સીતાબાઈ કલોક ટાવર ખાતે એમની પ્રેરણાદાયક પ્રતિમા છે જે અહીં વિશેષ ઉલ્લેખનીય છે.

નવસારી- ઈન્તેખાબ અનસારી

ને.હા.૪૮.ની ટ્રાફિક સમસ્યા

નેશનલ હાઇવે નં ૪૮ જે પહેલાં ને.હા.ન.૮. દિલ્હી રોડથી ઓળખાતો હતો, જે મુંબઈથી દિલ્હી દેશનો સૌથી વ્યસ્ત હાઈવે છે, ખાસ તો સુરતથી ભરૂચ સુધી અતિ વ્યસ્ત. ૪૦ વર્ષ પહેલાં જ્યારે આ હાઈવે ડિવાઈડર વગરનો હતો ત્યારે ઓવરટેકની લહાઈમાં સામ સામે ટ્રકો વચ્ચે ખૂબ અકસ્માતો થતા, કલાકો સુધી ટ્રાફિક જામ સર્જાતો, આ સમસ્યા ૪૦ વર્ષ પછી આજે પણ એજ છે ફક્ત કારણો બદલાયા છે. અકસ્માત ઓછા કરવા માટે ડિવાઈડર બનાવવામાં આવ્યો તો પણ જામની સ્થિતિ એજ રહી છે. જેમાં નર્મદા નદીનો ઝારેશ્વર બ્રિજ જવાબદાર રહ્યો. નર્મદા નદી પર